Monday
28.11.2022
*Volume :7 * Issue No.118
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-






# દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિજય સંકલ્પ સંમેલન થકી ભરૂચના નેત્રાંગ ખાતે જાહેર સભા સંબોધી.

**સંકલ્પ પત્રમાં ગુજરાતની આર્થિક વ્યવસ્થાને ગતી, વેપાર ધંધા વધે, આદિવાસી વિસ્તારો વિકસે, ગરિબોનું કલ્યાણ થાય અને મધ્યમ વર્ગના સપના સાકાર કરવાનો પ્રયાસ કર્યો છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

**આજે ગુજરાતમાં દિકરીઓ ભણતી થઇ તેમને આધુનિક સુવિધાઓ મળી રહી છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**




- **આઝાદીના ૭૫ વર્ષ થયા તો પણ કોઇ ગરીબ બાળકને ડોક્ટર કે એન્જિનયર બનવું હોય તો અંગ્રેજીમાં ભણવું પડતું આજે માતૃભાષામાં ભણી શકાશે . – શ્રી નરેન્દ્રભાઇ મોદી**
- **આદિવાસી વિસ્તારમાં પીએમ આવાસ યોજના અંતર્ગત અંદાજે ૨૦ હજાર ગરીબ પરીવારોને પાકા ઘર મળ્યા છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**
- **આજે ભારતમાં મોબાઇલ ફોન ડેટા સસ્તા છે. આવનાર દિવસોમાં મોબાઇલ ફોનથી શહેરમાં બેઠેલા ડોક્ટરોની સેવાનો લાભ મળી શકશે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**
- **ભાજપ સરકારે દેશમાં સૌથી પહેલા આદિવાસી બહેનને રાષ્ટ્રપતી બનાવ્યા આ કોંગ્રેસ વાળાને સુજ્યુ જ ન હતું. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિજય સંકલ્પ સંમેલન થકી ભરૂચના નેત્રંગ ખાતે જાહેરસભા સંબોધી હતી. આ જાહેરસભામાં ઉમેદવારો પણ ઉપસ્થિત રહ્યા હતા. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જનસભાને સંબોધતા જણાવ્યું કે, મારા જીવનના પ્રારંભીક વર્ષોમાં અને સામાજીક જીવવની શરૂઆતમાં આદિવાસી ક્ષેત્રમાં કામ કરવાનું સૌભાગ્ય મળ્યું છે. અંહી વિશાળ સંખ્યામાં જનતા જનાર્દન ન માત્ર ચૂંટણી માટે આશિર્વાદ આપવા આવ્યા છે પરંતુ વિકસિત ગુજરાત બનાવવાનો સંકલ્પ બતાવે છે. આ વખતની ચૂંટણી જનતાજનાર્દન લડીરહી છે. શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ગઈકાલે ગુજરાતભાજપે સંકલ્પપત્ર જાહેર કર્યો છે આ સંકલ્પ પત્રમાં ગુજરાતની આર્થિક વ્યવસ્થાને ગતી માટે, વેપાર ધંધા વધે, આદિવાસી વિસ્તારો વિકસે, ગરિબોનું કલ્યાણ થાય અને મધ્યમ વર્ગના સપના સાકાર કરવાનો પ્રયાસ કર્યો છે અને બાળકથી લઈ વડિલ સુધી સૌની ચિંતા કરવામાં આવી છે. ગુજરાત વિકસિત થવાની દિશામાં નક્કર, મક્કમ સાચા અને સારા પગલા સાથે આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં ભુપેન્દ્રભાઇની સરકાર તો ગુજરાતમાં વિકાસની ગતી આગળ લઈ જવા પાંચ વર્ષ કામ કરશે પરંતુ દિલ્હીમાં બેઠેલો આ મોદી પણ પુરી તાકાત લગાવશે. શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, હું જ્યારે વર્ષ ૨૦૦૧માં મુખ્યમંત્રી બન્યો ત્યારે ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ અંત્યત કથળેલી હતી.દિકરીઓ ભણે તે માટે ઘરે ઘરે જઇ ભિક્ષા માંગવાનું કામ કર્યુ અને સૌથી પહેલા આ વિસ્તારમાં હું ત્રણ દિવસ રોકાઇ દિકરીઓ ભણે તે માટે વચન લેવા આવ્યો હતો. આજે ગુજરાતમાં દિકરી ભણતી થઈ તેમને આધુનિક સુવિધાઓ મળી રહી છે. ૨૦વર્ષ પહેલા ગુજરાતમાં બાળક શાળામાં દાખલ તો થાય પરંતુ ચોથા ધોરણમાં આવતા દિકરીઓ નિશાળમાંથી નામ કઠાવી લેતા. આઝાદીના ૭૫ વર્ષ થયા તો પણ કોઈ ગરીબ બાળકને ડોકટર કે એન્જિનયર બનવું હોય તો અંગ્રેજીમાં ભણવું પડતું આજે માતૃભાષામાં ભણી શકાય છે આ કોંગ્રેસને સુજયુ નહી પણ તમારો મોદી દિલ્હી ગયો અને માતૃભાષામાં ડોકટર અને એન્જિનયર બનવાની શરૂઆત કરી. શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, ગુજરાતે જે મને શિક્ષણ આપ્યું , જે સંસ્કાર આપ્યા તે આજે પણ મને લેખે લાગે છે. દિલ્હી મોકલ્યો છે તો પણ હયૈ તો મારા ગુજરાતીઓ જ હોય. શૌચાલય ,ગેસ કનેકશન, નળ થી જળ સહિતના અનેક કામો કર્યા છે. દસ લાખ થી વધારે પાકા ઘરો એકલા ગુજરાતમાં બન્યા છે તેમાથી ૭ લાખ ઘરોમાં લોકો રહેવા ગયા છે. આદિવાસી વિસ્તારમાં પીએમ આવાસ યોજના અંતર્ગત અંદાજે ૨૦ હજાર ગરીબ પરિવારોને પાકા ઘર મળ્યા છે. કોરોના મહામારીમાં ૮૦ કરોડ લોકોને મફત અનાજ આપ્યું છે. કોરોનામાં દેશની જનતાને ફ્રીમાં રસી આપી છે દેશમાં ૨૦૦ કરોડ કરતા વધુ રસીના ડોઝ આપી દીધા છે. આજે ભારતમાં મોબાઈલ ફોન ડેટા સસ્તા છે. આવનાર દિવસોમાં મોબાઈલ ફોનથી શહેરમાં બેઠેલા ડોકટરોની સેવા મળશે. જો કોંગ્રેસની સરકાર હોત તો મોબાઈલ ફોનનું બીલ ચાર થી પાંચ હજાર આવત. ખેડૂત ભાઈઓના ખાતામાં દર વર્ષ પીએમ કિસાન સન્માન નિધીના ત્રણ વખત બે-બે હજાર રૂપિયા સિધા ખાતામાં જમા થાય છે. આજ વિસ્તારમાં ૨ લાખ ખેડૂતોના ખાતમાં સિધા રૂપિયા જમા થયા છે ખાતામાં સિધા જાય એટલે કોઈ ખાતુ નથી. અંદાજે ૪૦૦ કરોડ રૂપિયા આજે આ વિસ્તારના ખેડૂતોના ખીસ્સામાં ગયા છે. ભાજપ સરકારે દેશમાં સૌથી પહેલા આદિવાસી બહેનને રાષ્ટ્રપતી બનાવ્યા આ કોંગ્રેસ વાળાને સુજ્યુ જ ન હતું. આજે જંગલોમાં પેદા થતી ૯૦ જેટલી વસ્તુઓ આપણી ખરીદી શકીએ છે જેનાથી આદિવાસીઓની રોજગારી મળી રહે છે. આજે આઝાદીને ૭૫ વર્ષ થયા તો પણ જંગલમાંથી વાંસની ખેતી કરવા નિયોમ હતા કે તમે વાંસ કાપી ન શકો, ઉગાડી ન શકો , વહેચી ન શકાય આવા નિયમો બદલી આજે વાંસ વહેચી શકે છે અને ખેતી પણ થાય છે. આ વખતની ચૂંટણીમાં પોલીગં બુથમાં પહેલા કરતા સૌથી વધુ મતદાન કરવાજો તેવી વિનંતી કરી. જાહેરસભામાં ઉમેદવાર શ્રીઓ કુંવરજી હળપતિ, માંડવી, દર્શના દેશમુખ, નાંદોદ, રિતેશ વસાવા, ઝઘડિયા , હિતેશ વસાવા, ડેડિયાપડા સાંસદ મનસુખભાઈ વસાવા, જિલ્લા ભાજપ પ્રભારી જનક બગદાણાવાલા, જિલ્લા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, નર્મદા જિલ્લા ભાજપા પ્રમુખ ઘનશ્યામ પટેલ, પૂર્વ મંત્રી શબ્દશરણ તડવી, મોતીલાલ વસાવા, મહામંત્રી નિરલ પટેલ, રવજીભાઈ વસાવા, પ્રકાશભાઈ દેસાઈ સહિત પ્રદેશ અને જિલ્લાના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "G-20માં અદ્યક્ષતાએ ભારત માટે ખુબ જમોટી તક છે":પ્રધાનમંત્રી



કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

પ્રધાનમંત્રી મોદીએ આજે મનકી બાતના ૯૫મા એપિસોડમાં દેશને સંબોધન કર્યુ. પીએમ મોદીએ કહ્યુંકે, મનકી બાત ખુબ જ ઝડપથી તેના ૧૦૦ એપિસોડ પુરા કરવા જઈ રહ્યું છે. આ એપિસોડમાં જન સામાન્યની સમસ્યાઓ અને તેના સમાધાન અંગેની વાત કરવામાં આવે છે. આ સાથે તેમણે વિવિધ મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. જી-૨૦ ને લઈને દેશ ખુબ જ ઉત્સુક છે. પીએમ મોદીએ જણાવ્યુંકે, જી-૨૦ સમિટમાં અધ્યક્ષતા ભારત માટે મોટી તક સમાન છે. દેશવાસી એક યા બીજી રીતે ૮૨૦ સાથે જોડાયેલ છે. થોડા દિવસો પહેલા મને G-20 નો લોગો અને ભારતના રાષ્ટ્રપતિની વેબસાઈટ લોન્ચ કરવાનો લહાવો મળ્યો હતો. આ લોગો જાહેર હરીફાઈ દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે ૮-૨૦ વિશ્વની બે તૃતીયાંશ વસ્તી ધરાવે છે, વૈશ્વિક વેપારનો ત્રણ ચતુર્થાંશ અને વિશ્વના GDPનો ૮૫% હિસ્સો ધરાવે છે. તમે કલ્પના કરી શકો છો કે ભારત ૧લી ડિસેમ્બરથી આટલા મોટા જૂથ, આટલા શક્તિશાળી જૂથની અધ્યક્ષતા કરશે. ૮-૨૦નું પ્રમુખપદ અમારા માટે એક મોટી તક બનીને આવ્યું છે. આપણે આ તકનો પૂરેપૂરો ઉપયોગ કરવો પડશે અને વૈશ્વિક સારા, વિશ્વ કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. અમે એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્યની થીમ આપી છે તેવસુધૈવ કુટુંબકમ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. પીએમ મોદીએ કહ્યુંકે ૧૮ નવેમ્બરે આખા દેશે અવકાશ ક્ષેત્રે નવો ઈતિહાસ રચતો જોયો. ભારતે આ દિવસે તેનું પહેલું આ પ્રકારનું રોકેટ અવકાશમાં મોકલ્યું હતું. તે ભારતના ખાનગી ક્ષેત્ર દ્વારા ડિઝાઈન અને તૈયાર કરવામાં આવ્યું હતું.

આ રોકેટનું નામ 'વિક્રમ-એસ' છે. વધુમાં પીએમ મોદીએ જણાવ્યુંકે, વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...આ ગીતને ગાનાર ગ્રીસના છે. ભારતથી તેમને એટલો લગાવ છે તે છેલ્લાં ૪૨ વર્ષથી સતત ભારત આવતા રહ્યાં છે. તેમણે ભારતીય સંગીતની વિભૂતિઓનું અધ્યયન કર્યુ છે. ઈન્યિન મ્યુઝિકનો અભ્યાસ કરી રહ્યાં છે. તમને જાણીને સારું લાગશે છેલ્લાં ૮ વર્ષમાં ભારતથી મ્યૂઝિકલ ઈન્સ્ટુમેન્ટનો વેપાર વધ્યો છે. જર્મની, ફ્રાન્સ અને યુકે ના લાકો આની ખરીદી કરે છે.




# વિધાનસભાની ચૂંટણીના બન્નો તબક્કાના મતદાન માટે રાજયનું ચૂંટણી તંત્ર સુસજ્જ: શ્રીમતી પી. ભારતી

કમલમ્ ન્યુઝ,

વિધાનસભાની ચૂંટણીઓ માટે ગુજરાતનું ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. ૧૯ જિલ્લાઓની ૮૯ બેઠકો માટે તા.૧લી ડિસેમ્બરે પ્રથમ તબક્કામાં મતદાન યોજાશે અને ૧૪ જિલ્લાની ૯૩ બેઠકો માટે તા.૫મી ડિસેમ્બરે બીજા તબક્કામાં મતદાન યોજાશે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, બન્ને તબક્કાના મતદાન માટે મતદાન મથકો અને મતદાન સ્ટાફનું જરૂરી તમામ આયોજન થઈ ગયું છે. ચૂંટણીમાં ઉપયોગમાં લેવાના ઈવીએમ અને વીવીપેટ પણ તૈયાર થઈ ગયા છે. તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી લેવામાં આવી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં તા.૦૧ ડિસેમ્બર અને તા.૦૫ ડિસેમ્બર એમ બે તબક્કામાં યોજાનાર છે. પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાઓમાં થનાર મતદાન માટે કુલ ૨,૩૯,૭૬,૬૭૦ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. જેમાં ૧,૨૪,૩૩,૩૬૨ પુરૂષ, ૧,૧૫,૪૨,૮૧૧ મહિલા તથા ૪૯૭ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. જયારે બીજા તબક્કામાં ૧૪ જિલ્લાઓમાં યોજાનાર મતદાન માટે કુલ ૨,૫૧,૫૮,૭૩૦ મતદારો મત આપી શકશે. જેમાં ૧,૨૯,૨૬,૫૦૧ પુરૂષ,૧,૨૨,૩૧,૩૩૫ મહિલા અને ૮૯૪ ત્રીજી જાતિના મતદારોનો સમાવેશ થાય છે. એમ બંનેતબક્કામાંથઈ ૨,૫૩,૫૯,૮૬૩ પુરૂષ, ૨,૩૭,૭૪,૧૪૬ મહિલા અને ૧,૩૯૧ ત્રીજી જાતિના મળી કુલ ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો નોંધાયેલા છે. રાજયમાં સર્વિસ વોટરની કુલ સંખ્યા ૨૭,૮૭૭ છે. પ્રથમ તબક્કામાં ૯,૩૭૧ પુરૂષ અને ૨૩૫ મહિલા મતદારો મળી ૯,૬૦૬ સેવા મતદારો જયારે બીજા તબક્કામાં ૧૭,૬૦૭ પુરૂષ અને ૬૬૪ મહિલા મતદારો મળી ૧૮,૨૭૧ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે.

વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨માં વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૮૨૩ ભારતીય મતદારો નોંધાયા છે. પ્રથમ તબક્કામાં ૧૨૫ પુરૂષ અને ૩૮ મહિલાઓ મળી ૧૬૩ મતદારો તથા બીજા તબક્કામાં ૫૦૫ પુરૂષ અને ૧૫૫ મહિલાઓ મળી ૬૬૦ વિદેશમાં વસતા ભારતીય મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. બે તબક્કામાં યોજનારી વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં ૭૧૮ પુરૂષ અને ૭૦ મહિલા મળી કુલ ૭૮૮ જ્યારે બીજા તબક્કામાં ૭૬૪ પુરૂષ અને ૬૯ મહિલા મળી કુલ ૮૩૩ હરિફ ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ૧,૪૮૨ પુરૂષ અને ૧૩૯ મહિલા મળી વિવિધ રાજકીય પક્ષ-અપક્ષાના કુલ ૧,૬૨૧ હરિફ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. રાજ્યની ૧૮૨ વિધાનસભા બેઠકો માટે ૬,૨૧૫ શહેરી મતદાન મથક સ્થળો પૈકી પ્રથમ તબક્કામાં ૩,૩૩૧ મતદાન મથક સ્થળો પર ૯,૦૧૪ મતદાન મથકો આવેલા છે. જ્યારે ૧૧,૦૭૧ ગ્રામ્ય મતદાન મથક સ્થળો પર ૧૬,૪૧૬ મતદાન મથકો આવેલા છે. બીજા તબક્કામાં ૨,૯૦૪ શહેરી મતદાન મથક સ્થળો પર ૮,૫૩૩ મતદાન મથકો આવેલા છે. જયારે ૧૨,૦૭૧ ગ્રામ્ય મતદાન મથક સ્થળો પર ૧૭,૮૭૬ મતદાન મથકો આવેલા છે. આમ રાજ્યભરમાં ૨૯,૩૫૭ મતદાન મથક સ્થળો પર કુલ ૫૧,૮૩૯ મતદાન મથક આવેલા છે. રાજ્યના તમામ મતદાન મથકો પર મળી કુલ ૭૦,૭૬૩ બેલેટ યુનિટ, ૭૦,૭૬૩ કંટ્રોલ યુનિટ તથા ૭૯,૧૮૩ વીવીપેટનો ચૂંટણી પ્રક્રિયા માટે ઉપયોગ કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૩૪,૩૨૪ બેલેટ યુનિટ, ૩૪,૩૨૪ કંટ્રોલ યુનિટ તથા ૩૮,૭૪૯ વીવીપેટ જ્યારે બીજા તબક્કામાં ૩૬,૪૩૯ બેલેટ યુનિટ, ૩૬,૪૩૯ કંટ્રોલ યુનિટ તથા ૪૦,૪૩૪ વીવીપેટનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી પ્રક્રિયાના સરળ સંચાલન માટે કુલ ૨,૨૦,૨૮૮ તાલીમબદ્ધ અધિકારી-કર્મચારીઓ ફરજ બજાવશે. પ્રથમ તબક્કામાં ૨૭,૯૭૮ પ્રિસાઈડીંગ ઑફિસર્સ અને ૭૮,૯૮૫ પોલીંગ ઑફિસર્સ જ્યારે બીજા તબક્કામાં ૨૯,૦૬૨ પ્રિસાઈડીંગ ઑફિસર્સ અને ૮૪,૨૬૩ પોલીંગ ઑફિસર્સ ફરજ બજાવશે.

